**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૭/૦૪/૨૦૧૮ મંગળવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૭૩૮/૧૮**

**રાણીપ પોલીસ સ્ટેશન :**

**પેટ્રોલીંગ દરમયાન ચોરીએ ગયેલ રિક્ષા સાથે આરોપીને પકડી પાડતી**

**રાણીપ પોલીસ**

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.ખાસ પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સેકટર ૧ અમદાવાદ શહેર તથા મે.ના.પો.કમિ.સા.શ્રી ઝોનં ૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મે.મ.પો.કમિ.સા.શ્રી “એલ” ડીવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ અધિકારી શ્રી ઓની સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર જે.જી.પટેલ રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓએ રાણીપ પોલીસ સ્ટેશન હદવિસ્તાર માં તથા આજુબાજુ ના પોલીસ સ્ટેશન વિસ્તાર માં મિલ્કત સંબધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ શોધી કાઢવા સારુ જુરી સુચના કરેલ હોય જે સુચના આધારે સર્વેલન્સ સ્કોડ ના એ.એસ.આઇ આનંદસિંહ નાથુસિંહ બનં ૭૩૦૧ તથા સાથે બીજા સર્વેલન્સ સ્કોડ ના પોલીસ સ્ટ્રફના માણસો સાથે રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તાર માં પેટ્રોલીંગ દરમયાન ખાનગી બાતમી હકિકત આધારે રાણીપ બલોલ નગર ખાતે જાહેર માંથી આરોપી પપ્પુરામ સ/ઓ રામચંન્દ્ર જાતે જાટોલીયા ઉવ.૨૭ રહે.મકાન નંબર ૬૭૫ સેકટર ૦૩ રમેશભાઇ ના મકાન માં ચાણક્યપુરી સોસાયટી ઘાટલોડીયા અમદાવાદ શહેર નાઓ પાસે થી રિક્ષા નં.GJ-1-CZ 3744 જેનો ચે.નં MD 2 A 23 AZ 2 CWE 11752 તથા એ.નં 24 ZWCE 17825 કિ.રુ ૫૦૦૦૦/-ગણી શકાય તે મળી આવેલ હોય જે રિક્ષા ની ચોરી થવા બાબતે રાણીપ પોલીસ સ્ટેશન ફસ્ટૅ ગુરનં.૩૪/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૩૭૯, મુજબ નો ગુનો દાખલ થયેલ હોય જે ગુનાના કામે આરોપી ને આજરોજ તારીખ ૧૬/૦૪/૨૦૧૮ ના કલાક ૧૭/૦૦ વાગ્યે પકડી અટક કરી કાયદેસર ની કાર્યવાહી કરવામાં આવેલ છે હાલમાં કાર્યવાહી ચાલુ છે તારીખ ૧૬/૦૪/૨૦૧૮

**<u>સરખેજ પોલીસ સ્ટેશન :</u>**

સરખેજ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૭૩/૨૦૧૮ ઇપીકો કલમ -૩૦૨,૩૬૫,૩૨૬,૩૨૫,૩૨૩,,૧૧૪ તથા જીપી એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ નો અત્રેનાં પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો અનડીટેક હોય જેમા ત્રણ અજાણ્યા ઇસમો મો.સા સાથે હોય જે ગુન્હો ડીટેક્ટ કરી આરોપીઓને પકડવા અંગે મે,સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭,સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન થી અમો તથા સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઇ તથા માણસો મારફ્તે અનડીટેક ગુન્હા સબંધે સતત કાર્યરત રહી તેમજ અંગત બાતમીદારો તથા સીસીટીવી ફુટેઝો મેળવી આરોપીઓની શોધખોળ હાથ ધરી આજરોજ તા. ૧૬/૦૪/૨૦૧૮ નાં કલાક ૨૧/૪૫ વાગ્યે આરોપી નં(૧) કરણભાઇ ભીખાભાઇ ભરવાડ ઉવ.૨૧ રહે,મકરબાગામ,જુની પાણીની ટાંકી સામે,ભરવાડવાસ, અમદાવાદ શહેર તથા નં(૨) સંજયભાઇ ઉર્ફે રાહુલ હરીભાઇ ભરવાડ ઉવ.૨૩ રહે,મકરબાગામ,જુની પાણીની ટાંકી સામે,ભરવાડવાસ, અમદાવાદ શહેર તથા નં(૩) પરમાનંદ ઉર્ફે વકીલ રામલખન રમનિવાસ યાદવ રહે,ડી,એ,વી સ્કુલ પાસે, સિક્યુરીટીની ઓરડીમાં ગેલોપ્સ મોટર્સ મકરબા અમદાવાદ શહેર મુળવતન-ગંગાઆહીર કા પુરાવા થાણા –કુણવાર જી-સુલતાનપુર (ઉત્તરપ્રદેશ) નાઓને મરણ જનાર નો મોબાઇલ ફોન તથા આરોપીઓનાં મો.સા સાથે પકડી અટક કરી ગુન્હો ડીટેક્ટ કરી સારી કામગીરી કરેલ છે

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.